

દિવસોના ઈન્તઝાર બાદ આખરે શહેરમાં જોરદાર વરસાદી વાતાવરણ છવાયેલું જોવા મળી રહ્યું છે. વસતા વરસાદમાં શહેરનું વાતાવરણ એકદમ નયનરમ્ય બની ગયું છે. આવા સુંદર વાતાવરણનો લ્હાવો માણવાનું ગાંધીનગરાઓ ચૂકતા નથી. વરસાદી વાતાવરણમાં છત્રી લઈને મોર્નિંગ વોક કરતા યુવાનો જોવા મળી રહ્યા છે.

# ગુજરાતી સ્ટેનોગ્રાફરની પરીક્ષા રદ કરવા ઉગ્ર માંગણી

## ૩૨ ઉમેદવારોએ ગુજરાતી સ્ટેનોની પરીક્ષા રદ કરવાની માંગ કરી

ગાંધીનગર, તા. ૨

તાજેતરમાં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ગુજરાતી સ્ટેનોગ્રાફરની પરીક્ષા લેવામાં આવી હતી. ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧ની મુખ્ય પરીક્ષામાં ઉભી થયેલી વિસંગતતાના કારણે આ પરીક્ષા રદ કરવા માટે કેટલાક ઉમેદવારોએ સહિ સાથે આવેદનપત્ર સચિવને આપ્યુ છે. આ તમામ ઉમેદવારોનો આરોપ છે કે પરીક્ષાખંડમાં યોગ્ય બેઠક વ્યવસ્થા જ નહોતી. પરીક્ષા એક કોમ્પ્યુટર લેબની અંદર લેવામાં આવી હતી. જેમાં બેંચ કે ટેબલની કોઈ વ્યવસ્થા નહોતી. સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧ની પરીક્ષામાં ઉમેદવારોએ પ્રતિ મિનિટ ૯૦ શબ્દોની ઝડપે વક્તવ્યોને લખવાનું હોય છે. આવી પરિસ્થિતિમાં ઉમેદવારોએ પેડની મદદથી ખોળામાં રાખીને વક્તવ્યો લખ્યા હતા તથા ૧૪ ઈંચના નાના લેપટોપ હતા જેની સાથે કી બોર્ડ અલગથી આપ્યા હતા. આ કી બોર્ડ ક્યા રાખવા તે મોટો પ્રશ્ન હતો. ઉમેદવારોએ લેપટોપની ઉપર આ કી બોર્ડ રાખીને ટાઈપ કર્યુ હતુ. જેથી વ્યવસ્થિત રીતે ટાઈપ પણ થઈ શકતુ નહોતુ. આ ઉપરાંત એક જ દિવસમાં બે બેચ પાડીને પરીક્ષા લેવાઈ હતી. અલગ અલગ પેરેગ્રાફ અને પ્રશ્નપત્ર હતા. બજારમાં મળતી એક ખાનગી પ્રકાશનમાંથી બેઠા બેઠા બે ફકરા પ્રશ્નપત્રમાં છાપી દીધા હતા. પેપર સેટ કરવામાં પેપર સેટરે કોઈ માનસિક યોગદાન આપ્યુ ન હોય તેવુ જણાતુ હતુ. આ પ્રશ્નપત્રમાં મહાનુભાવોના જીવન ચરિત્રો અંગે વક્તવ્યો લખવાના હતા જે ઉમેદવારોને યોગ્ય લાગ્યુ નહોતુ. છેલ્લા ૨૫ થી ૩૦ વર્ષના પેપરોમાં વિષય તજજ્ઞો કે વિષય નિષ્ણાતો દ્વારા પેપરો સેટ થયેલ હોય તેવુ માલુમ પડે છે જે ઉમેદવારો માટે એક આશીર્વાદરૂપ સાબિત થયેલ છે. જ્યારે આ પરીક્ષાની અંદર બે વક્તવ્યો શ્રી પંચાલના બુકના છે જે પેપર સેટરે લીધેલાં છે તેથી ઉમેદવારોને પેપરસેટનો કોઈ પ્રકારનો બહોળો અનુભવ કે વિશિષ્ટ જ્ઞાન હોય તેવુ જણાતુ નથી તેમ લાગી રહ્યું છે. ૩૨ ઉમેદવારોએ આ બાબતે સચિવને લેખિત રજૂઆત અને આવેદન આપી પરીક્ષા રદ કરી પુનઃ પરીક્ષા લેવાની માંગ કરી હતી.



ગાંધીનગર કોર્ટમાં ડેપ્યુટી રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવતા ભાસ્કરભાઈ બી ટાપરીયા વય નિવૃત થતા વિદાય સમારંભ દરમિયાન ડિસ્ટ્રીકટ જજ નીપાબેન રાવલ, જિલ્લા રજીસ્ટ્રાર મેનન , વી વાય રાવલ, બાર કાઉન્સિલના વાઈસ ચેરમેન શંકરસિંહ ગોહીલ સહીત કોર્ટ સ્ટાફના સભ્યોએ તેમનુ શાલ ઓઢાડી સન્માન કર્યુ હતુ આ પ્રસંગે કોર્ટના વકીલોએ પણ તેમની સેવાને બિરદાવી શુભેચ્છા પાઠવી હતી.

# આશ્કા હોસ્પિટલ અને વૈદેહી-બેકબોન હોસ્પિટલ રાજકોટ વચ્ચે એમ.ઓ.યુ. થયા

ગાંધીનગર, તા. ૨

આશ્કા હોસ્પિટલ લિમિટેડ અને વૈદેહી-બેકબોન હોસ્પિટલ, રાજકોટ પ્રસ્તાવિત જોડાણ અંગે મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડિંગ એમઓયુ માટે સંમત થયા છે. જ્યાં વૈદેહી-બેકબોન હોસ્પિટલની સંચાલન સંચાલન અને કામગીરી તબક્કાવાર રીતે આશ્કા હોસ્પિટલ સાથે સંકલિત કરવામાં આવશે. આશ્કા હોસ્પિટલનાં તબક્કાવાર એકીકરણના ભાગરૂપે ડો.અંકુર ભૂપેન્દ્રકુમાર પચાણીને આશ્કા હોસ્પિટલ્સ લિમિટેડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સભ્ય તરીકે સામેલ કરવામાં આવશે.

લેફ્ટનન્ટ ભૂપેન્દ્રકુમાર ટી. પચાણીની દિર્ઘદ્રષ્ટિથી શરૂ થયેલી વૈદેહી-બેકબોન હોસ્પિટલ, ૫૦૦ બેડની હોસ્પિટલ છે, જે ૧,૦૦,૦૦૦ ચોરસ ફૂટથી વધુમાં ફેલાયેલી છે અને એક જ છત હેઠળ તમામ સુપર સ્પેશિયાલિટી આરોગ્ય સેવાઓ પૂરી પાડે છે. હોસ્પિટલમાં ભારતના સૌથી મોટા ઓક્સિજન પ્લાન્ટ્સ છે - PSA ટેકનોલોજી આધારિત સાઈટ ઓક્સિજન જનરેશન સિસ્ટમ (GO 960)-960 લિટર પ્રતિ મિનિટ જનરેશન ક્ષમતા ધરાવે છે. ૫૦૦ બેડમાં ૧૧૬ આઈસીયુ બેડ અને ૩૮૪ નોન- આઈસીયુ બેડનો સમાવેશ થાય છે.

આશ્કા હોસ્પિટલ્સ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર બિપિન શાહે જણાવ્યું હતું કે, આશ્કા હોસ્પિટલ અને વૈદેહી-બેકબોનના સંકલનથી હું ખરેખર આનંદિત છું. તેઓએ કહ્યું કે એકીકરણથી બંને વિસ્તારનાં દર્દીઓને ફાયદો થશે કારણ કે તેઓ નિષ્ણાંત ડોકટરો અને અનુભવી મેનેજમેન્ટની કુશળતા હેઠળ શ્રેષ્ઠ સારવાર અને ગુણવત્તાસભર સંભાળ સાથે તમામ અત્યાધુનિક સુવિધાઓનો ઉપયોગ કરી શકશે.

# ...તમારે વિકાસ જોવો છે ? તો આવો મોડાસાના ફરેડી થી સુરજપુર જવાના મુખ્ય માર્ગ પર

## બે કિમી લાંબો માર્ગ હજી સુધી કાચો

મોડાસાના ફરેડી થી સુરજપુર જવાનો મુખ્ય માર્ગ કાચો હોવાથી વિસ્તારના લોકો પરેશાન છે. સરકાર દ્વારા આખા દેશમાં ગુજરાતના વિકાસ મોડલની ચર્ચાઓ કરવામાં આવે છે, ત્યારે હકીકત કઈ જુદીજ જોવા મળી હી અને માલપુર તાલુકામાં આવેલો છે. જેમાં માલપુરની હદમા આવતો ટસ્કી થી સુરજપુર સુધીનો લગભગ બે કિમી. માર્ગ પાકો છે જ્યારે મોડાસા તાલુકાની હદમાં આવતો સુરજપર થી ફરેડીને જોડતો માર્ગ કાદવ-કીચડ અને ચીકણી માટી





છે.આંતરિયાળ ગ્રામ્ય વિસ્તારો હજુ પણ પ્રાથમિક સુવિધા એવા પાકા રોડ રસ્તાથી વંચિત છે. ફરેડી થી સુરજપુરને જોડતો માર્ગ બન્યો ન હોવાથી ઈમરજન્સી સમયે વાહન કે ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ પહોંચી શકતી નથી

પ્રાપ્ત માહિતી અનુસાર અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ફરેડી ગામથી માલપુર તાલુકાના ટીસ્કી ગ્રામ પંચાયતના પેટા પરા સૂરજપુરને જોડતો મોડાસા તાલુકાની હદમાં આવતો લગભગ બે કિમી. માર્ગ કાચો છે, જેને લઈને સુરજપુર તેમજ ફરેડી ગ્રામ વાસીઓને ખૂબ હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે, એટલુ જ નહિ થાય રસ્તાના કારણે ચોમાસા દરમિયાન ઈમરજન્સી પણ ગામમાં આવી શકતી નથી.

ફરડી ગ્રામવાસીઓના જણાવ્યા અનુસાર ફરેડી થી સુરજપુર ને જોડતો બે કિ.મી. માર્ગ મોડાસા વાળો છે જેને લઈને ઘણા વાહન ચાલકો સ્લીપ થઈ જવાની ઘટનાઓ બને છે. ઘણી વખતે ચોમાસા દરમિયાન આ માર્ગ બંધ થઈ જાય છે. વધુમાં ફરેડી ગ્રામવાસીઓએ રોષ વ્યકત કરતાં જણાવ્યું હતું, કે લાગતાં વળગતા ક્ષેત્રમાં રજૂઆતો કરવા છતાં રજૂઆતો ધ્યાન પર લેવામાં આવતી નથી. તેમજ મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિહ ઠાકોરને પણ ઘણીવાર રજૂઆતો કરવામાં આવી છે.

આ બાબતે મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરે જણાવ્યું હતું કે, હું મારા મત વિસ્તારની મુલાકાત લેતો રહ્યો છું અને ભૂતકાળમાં જ્યારે અબાલાલ સરપંચ હતા ત્યારે મનરેગામા આ માર્ગનું મેટલીંગ કામ કરાવ્યું હતું. ત્યારબાદ આ માર્ગને પાકો કરવા માટેની મંજૂરી બાબતે છેલ્લા સાત વર્ષથી સરકારમાં વારંવાર રજૂઆતો કરી રહ્યો છું.

# ગુજરાત ડિફેન્સ એક્સપો ૨૦૨૨નું યજમાન બનશે

## સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જાહેરાત કરી : વિશાળ પાયા પર યોજાનારા આ ડિફેન્સ એક્સપો-૨૦૨૨ના સુગ્રથિત આયોજન અંગેની સમીક્ષા બેઠક થઈ

ગાંધીનગર, તા.૨

ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા દર બે વર્ષે યોજવામાં આવતા ડિફેન્સ એક્સપોના ૨૦૨૨માં યોજાનારા ૧૨માં સંસ્કરણનું યજમાન ગુજરાત બનશે. આગામી ૨૦૨૨માં તા. ૧૦ થી ૧૩ માર્ચ દરમ્યાન સંરક્ષણ મંત્રાલયના ડિફેન્સ પ્રોડકશન વિભાગ દ્વારા આ પ્રદર્શની ગાંધીનગરમાં યોજાશે. ગુજરાતમાં વિશાળ પાયા પર યોજાનારા આ ડિફેન્સ એક્સપો-૨૦૨૨ના સુગ્રથિત આયોજન અંગેની સમીક્ષા બેઠક કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની પ્રેરક ઉપસ્થિતીમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ધામ કેવડીયામાં યોજવામાં આવી હતી. આ ડિફેન્સ એક્સપો-૨૦૨૨ના આયોજનમાં રાજ્ય સરકારના સંપૂર્ણ સહયોગ અને સુવિધાઓ અંગેના એમ.ઓ.યુ પણ સંરક્ષણ મંત્રાલયના ડિફેન્સ પ્રોડકશન વિભાગના સંયુકત





સચિવ અને ગુજરાતના ઊદ્યોગ કમિશનરે કેન્દ્રીય સંરક્ષણ મંત્રી અને મુખ્યમંત્રીની ઉપસ્થિતીમાં કર્યા હતા.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ બેઠકમાં સ્પષ્ટપણે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રેરણા અને સંરક્ષણ મંત્રીના માર્ગદર્શનથી આવા ડિફેન્સ એક્સપો દેશના જુદા જુદા રાજ્યોમાં યોજવાની જે પહેલ થઈ છે તે સરાહનીય છે. તેમણે આગામી ડિફેન્સ એક્સપો-૨૦૨૨ના આયોજન માટે ગુજરાતની પસંદગી કરવા માટે પ્રધાનમંત્રી અને સંરક્ષણ મંત્રીનો આભાર વ્યકત કર્યો હતો.

રૂપાણીએ સંરક્ષણ ક્ષેત્રે દેશની આત્મનિર્ભરતા આવા ડિફેન્સ એક્સપોના માધ્યમથી વધુ વેગવાન બની રહી છે તેમ પણ ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીએ વિશ્વાસ દર્શાવ્યો કે ગુજરાત જે રીતે વાયબ્રન્ટ સમિટના સફળ આયોજનથી વિશ્વના નિવેશકો માટે બેસ્ટ ચોઈસ ફોર ઈન્વેસ્ટમેન્ટ બન્યું છે તે જ પરિપાટીએ ડિફેન્સ એક્સપો-૨૦૨૨ના આયોજનથી ડિફેન્સ સેકટરમાં પણ દેશમાં સૌથી વધુ રોકાણો મેળવનારૂં રાજ્ય બનશે. તેમણે જણાવ્યું કે, ગુજરાતે પોતાની ડિફેન્સ એન્ડ એરોસ્પેસ પોલિસી બનાવી છે. એટલું જ નહિ, આ પોલિસી અંતર્ગત ડિફેન્સ ઈક્વીપમેન્ટ પ્રોડકશન એકમો માટે જમીન ખરીદીમાં સ્ટેમ્પ ડયુટીથી મુક્તિ, ઉત્પાદન શરૂ થયાના પાંચ વર્ષ સુધી ઈલેકટ્રીસિટી ડયુટીથી માફી જેવા પ્રોત્સાહનો પણ ગુજરાતમાં આપવામાં આવે છે.

# આગામી બે દિવસ ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી

અમદાવાદ, તા.૨

પાછલા વર્ષોની સરખામણીમાં આ વર્ષે વરસાદ ઓછો નોંધાયો છે, આમ છતાં ફરી એકવાર વાદળા બંધાતા ગુજરાતના લગભગ તમામ જિલ્લાઓમાં ઓછા વધતા પ્રમાણમાં વરસાદ નોંધાઈ રહ્યો છે. રાજ્યમાં આજે સહિત બે દિવસ ભારે વરસાદની આગાહી પણ હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. જેમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં સારો વરસાદ થઈ રહ્યો છે. આ સાથે ઉત્તર અને મધ્ય ગુજરાતમાં પણ વરસાદ વરસતા લોકો હાશકારો અનુભવી રહ્યા છે. અમદાવાદ સહિત રાજ્યમાં વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ વરસી પડવાની સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. આજના આંકડા પ્રમાણે પાછલા ૨૪ કલાકમાં રાજ્યના ૨૦૭ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધારે જૂનાગઢના માંગરોળ તાલુકામાં ૧૭૩એમએમ વરસાદ થયો છે. આ સિવાય માળિયામાં કચ્છના અંજારમાં ૧૬૬એમએમ, ૧૬૩એમએમ, કલ્યાણપુરમાં ૧૬૩એમએમ, માળિયામાં ૧૬૩એમએમ અને દેવભૂમિ દ્વારકાના ખંભાળિયામાં ૧૫૮એમએમ વરસાદ નોંધાયો છે. રાજ્યના ૧૧ તાલુકાઓમાં ૧૦૦એમએમથી વધારે વરસાદ થયો છે.

# ગેમની લતે ચઢેલા પુત્રનો ફોન લઈ લેતાં પિતાની હત્યા

સુરત, તા.૨

આજની જનરેશનના દરેક માતા-પિતા માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. સુરતમાં મોબાઈલ ફોનમાં ગેમ માટે ઠપકો આપનાર પિતાની સગીર પુત્રે હત્યા કરી છે. મોબાઈલ ફોનમાં ગેમ રમવાની લતે ચઢી ગયેલા સગીર પુત્ર પાસેથી પિતાએ મોબાઈલ લઈ લીધો હતો. જેને લઈને ઝઘડો થતા સગીરે પિતા ઉપર હુમલો કરી તેમની હત્યા કરી છે.

મોબાઈલની આદત ધરાવતા બાળકોના વાલીઓએ હવે સાવધાન થઈ જવાની જરૂર છે. ગેમ રમવાની ના પાડી તો પુત્રએ પિતાની હત્યા કરી છે. સુરતમાં મોબાઈલની લતને લીધે પુત્રએ પિતાની હત્યા કરી છે. આ કિસ્સાથી કહી શકાય કે, મોબાઈલની લત લાગી જાય તો બાળકો કઈ પણ કરી શકે. સુરતના ઈચ્છાપોરમાં અર્જુન સરકાર તેમના પરિવાર સાથે રહે છે. તેમના સગીર દીકરાને તેમણએ મોબાઈલ ગેમ રમવા બાબતે ઠપકો આપ્યો હતો. જેથી તેણે પિતા સાથે ઝઘડો કર્યો હતો. આ બાદ તેણે પોતાના પિતાની હત્યા કરી હતી.

આ મામલે સુરત પોલીસના એચ ડિવિઝનના એસીપી એકે વર્માએ જણાવ્યું કે, આટલુ થયા બાદ પુત્રએ પિતાની હત્યાને અકસ્માતમાં ખપાવી દેવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ ફોરેન્સિક રિપોર્ટમાં સમગ્ર ભાંડો ફૂટ્યો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, ૪૦ વર્ષીય પિતા અર્જુન સરકારની ગળું દબાવીને તેમના જ સગીર પુત્રએ હત્યા કરી હતી. ત્યારે સમગ્ર હકીકત સામે આવતા માતાએ પુત્ર વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી, જે બાદ ઈચ્છાપોર પોલીસે સગીરની અટકાયત કરી જુવેનાઈલ કસ્ટડીમાં મોકલ્યો છે.

# ખેરંચા પ્રાથમિક શાળાના અનફીટ શિક્ષકને બદલવા રજુઆત

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ખેરંચા ગામે આવેલ પ્રાથમીક શાળામાં ફરજ બજાવતા શીક્ષકને ૧૨ વર્ષ અગાઉ અકસ્માત નડ્યા પછી શિક્ષક ગંભીર ઈજાગ્રસ્ત થતા પેરાલીસીસ થતા પથારીવશ રહ્યા પછી થોડા વર્ષ પછી શાળામા હાજર થયા હતા લકવાની અસરના લીધે શાળામાં અભ્યાસ કરતા બાળકોને ભણાવી શકતા નથી આ અંગે ૧૦ વર્ષથી પ્રાથમીક શિક્ષણ વિભાગના અધિકારીઓને વારંવાર લેખીત અને મૌખીક રજુઆત કરવા છતાં શીક્ષકની બદલી ન થતા કે અન્ય કોઈ શિક્ષકની ફાળવણી ન થતા એસએમસી કમીટી અને ગ્રામજનોએ મુખ્યમંત્રી, પ્રાથમીક શિક્ષણ નિયામક,કલેકટરને લેખીત રજુઆત કરવા છતાં ન્યાય નહીં મળતા શાળાને તાળાબંધી કરી શિક્ષણનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી છે.

ભિલોડા તાલુકાના ખેરંચા ગામે આવેલ પ્રાથમીક શાળામાં ફરજ બજાવતા રમેશભાઈ નારાયણભાઈ પટેલને ૧૨ વર્ષ અગાઉ ગમખ્વાર અકસ્માત નડતા ગંભીર ઈજાઓ પહોંચતા બે વર્ષ સુધી પથારીવશ રહ્યા પછી તા.૫-૦૯-૨૦૧૧ ના દિવસે શાળામાં હાજર થયા હતા જોકે શિક્ષકને પેરાલિસીસની અસર હોવાથી તેમના સંતાન મુકવા લેવા આવે છે શિક્ષક અનફીટ હોવાથી બાળકોને અભ્યાસ કરાવી શકતા ન હોવાથી બાળકોના અભ્યાસ પર માઠી અસર છેલ્લા દસ વર્ષથી પડી રહી છે બાળકો અભ્યાસમાં નબળા રહેતા વાંચી કે લખી શકતા નથી તેમજ અનફીટ શિક્ષકની રાજકીય વગ ધરાવતા હોવાથી અધિકારીઓ પર દબાણ બનાવતા હોવાનો આક્ષેપ ગ્રામજનોએ કર્યો હતો.

### મચ્છરીયો વરસાદ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાદળિયુ વાતાવરણ યથાવત રહ્યુ હતુ દિવસના વાદળિયા વાતાવરણ વચ્ચે શહેરમાં વરસાદના છાંટણા સાથે સવારે ઠંડક પ્રસરી હતી જયારે બપોરના સમયે વરસાદની ગેરહાજરી વચ્ચે નગરજનોએ આકરો ઉકળાટ સહન કરવાનો વારો આવ્યો હતો. સતત બફારાના લીધે નગરજનો બેચેની અનુભવી રહ્યા છે. વરસાદી વાયરા વચ્ચે નગરજનોના આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. શહેરમાં મોસમના સતત બદલાતા મિજાજ વચ્ચે વાયરલ ફીવરના દર્દીઓ વધી રહ્યા છે. મચ્છરજન્ય રોગચાળા સાથે શરદી તાવના દર્દીઓમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. વિચિત્ર મોસમથી પ્રભાવિત નગરજનોનુ આરોગ્ય પણ જોખમાયુ છે.

### 'લીલા ગાંધીનગર'...

● ત્રીજા પાનાનું ચાલુ

હોટલની ૩૦હજાર ચો.ફૂટ વિસ્તારમાં પથરાયેલી ઈનડોર અને આઉટડોર સ્પેસ ઉપરાંત હોટલમાં હોલિસ્ટિક, વર્લ્ડ ક્લાસ સ્પા, અદ્યતન જીમ્નેશ્યમ અને આઉટડોર સ્વીમીંગ પૂર ધરાવે છે.

લીલા પેલેસીસ હોટેલ્સ એન્ડ રિસોર્ટસના ચીફ ઓપરેટીંગ ઓફિસર અનુરાગ ભટનાગર જણાવે છે કે "અમે ગુજરાત સરકાર, રેલવે મંત્રાલય અને આઈઆરએસડીસી સાથે ભાગીદારી કરીને ગુજરાતના વાયબ્રન્ટ શહેર ગાંધીનગરમાં લીલા બ્રાન્ડ અમારી સિમાચિહ્નરૂપ ગતિવિધી અમારા વિઝન અને કટિબધ્ધતાનો હિસ્સો છે. લીલા ગાંધીનગર, લીલા દ્વારા સંચાલિત મહાત્મા મંદિર કન્વેન્શન એન્ડ એક્ઝિબીશન સેન્ટર સાથે મળીને ભારતના હોસ્પિટાલિટી ક્ષેત્રમાં અદ્યતન સુવિધાઓ અને ભવ્યતા ધરાવતી વિશિષ્ટ અને સુગમ સોલ્યુશન પૂરાં પાડશે. અમને વિશ્વાસ છે કે દુનિયાના અત્યંત આધુનિક પ્રવાસીઓને પણ તે આકર્ષીત કરશે".

### મુહૂર્ત નીકળ્યું... ●

અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ટીમે આ પછી સિવિલ સુપ્રિટેન્ડન્ટ સાથે બેઠક કરી હતી અને શુક્રવારથી કામ શરૂ કરી દેવાશે તેમ જણાવ્યુ હતુ.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૮ મજલાની નવી બાનાવેલી હોસ્પિટલમાં લિફટની નીચે ભરાઈ જતા પાણી તેમજ ઓ.ટી.માં લીકેજીસની વાતો અખબારોના પાને અનેકવાર ચમકી ચુકી છે. આ પછી પી.આઈ.યુ.નું પણ વારંવાર સત્તાવાળાઓએ ધ્યાન દોર્યા પછી થાગડ થીગડ કરી આ કામગીરી આટોપી લેવામાં આવતી હતી પરંતુ ચીફ ઈજનેરની વિઝીટ પછી પી.આઈ.યુ. દ્વારા સમસ્યાને ગંભીરતાથી લેવામાં આવી છે અનો આજે ટીમે તેનો ડીટેઈલમાં અભ્યાસ કર્યા પછી શુક્રવારથી કામ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

### માંડ ૨ થી ૫ ટકા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અંદાજિત ૬૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ માટે શિક્ષણ કાર્ય શરૂ કરવાની જાહેરાત બાદ આજે પ્રથમ દિવસે કોરોનાની ગાઈડ લાઈન પ્રત્યે પણ શાળાઓમાં પુરતી તકદારી રાખવામાં આવી હતી. વિદ્યાર્થીઓ વચ્ચે સોશિયલ ડીસ્ટન્સીંગ જળવાય તેની પણ તકેદારી રાખવામાં આવી હતી જો કે પ્રથમ દિવસે નગરની શાળાઓમાં માંડ ૨ થી ૫ ટકા વચ્ચે વિદ્યાર્થીઓની હાજરી જોવા મળી હતી. એકબાજુ શાળાઓ લાંબા સમય બાદ શરૂ થઈ છે ત્યારે ધો -૬ થી ૮ ના વિદ્યાર્થીઓ મોટાભાગે સ્કુલ વર્ધીનો ઉપયોગ કરતા હોય છે પરંતુ હાલ સ્કુલવર્ધીના વાહનો પણ બંધ છે જેના લીધ વિદ્યાર્થીઓએ શાળાએ જવાનુ પણ હાલ પુરતુ વાલીઓ ટાળી રહ્યા હોવાનુ ધ્યાને આવ્યુ છે. આગામી દિવસોમાં આ વર્ગોમાં વિદ્યાર્થીઓની હાજરી વધશે તેમ પણ મનાઈ રહ્યુ છે. વિદ્યાર્થીઓ ધીમે ધીમે શાળાએ આવતા થશે.

### વર્તારો...

● અનુસંધાન પહેલાનું ચાલુ

સપ્ટેમ્બર દરમિયાન અપેક્ષિત સામાન્યથી વધારે વરસાદની ગતિવિધિને ધ્યાનમાં લેતા, જૂનથી ઓગસ્ટ દરમિયાન મોસમી વરસાદમાં વર્તમાનમાં ૯ ટકાની અછત થઈ શકે છે અને એકત્રિત મોસમી વરસાદ (૧ જૂન-૩૦ સપ્ટેમ્બર) સામાન્યથી ઓછો રહેવાની શક્યતા છે, તેમ આઈએડીના ચીફ એમ મોહપાત્રાએ ચોમાસા અંગેનું અપડેટ અને સપ્ટેમ્બર માટે આગાહી કરતી વખતે જણાવ્યું હતું.

આગાહી દર્શાવે છે કે, દેશના મધ્ય ભાગમાં આ મહિને વરસાદ વધવાની શક્યતા છે, પરંતુ ઉત્તર-પશ્ચિમ અને ઉત્તર-પૂર્વ ભારત તેમજ દ્વીપકલ્પ ભારતના દક્ષિણ ભાગમાં સામાન્યથી ઓછો વરસાદ જોવા મળી શકે છે. પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને પશ્ચિમી ઉત્તરપ્રદેશમાં સ્થિતિ જો કે, વધારે નિરાશાજનક હોઈ શકે છે અને 'સામાન્યથી ઓછા'ની શ્રેણીમાં આવી શકે છે, જે જૂન-સપ્ટેમ્બરના સમયગાળા દરમિયાનના સામાન્યથી વધારે હોવા છતાં સમગ્ર ચોમાસાને સામાન્યથી ઓછા તરફ ખેંચી શકે છે. ગુજરાત, પશ્ચિમ રાજસ્થાન અને ઓડિશામાં વરસાદની અછત યથાવત્ રહી શકે છે, જેના કારણે આ વિસ્તારો દુષ્કાળની સ્થિતિમાં આવી શકે છે.

### છલાંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

૨.૫૩ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટના શેરમાં ૨.૪૫ ટકા અને નેસ્લે ઈન્ડિયાના શેરમાં ૧.૮૮ ટકાની તેજી જોવા મળી. આ ઉપરાંત ડો.રેડ્ડીસ, કોટક મહિન્દ્રા બેંક્ર, ટાઈટન, ઈન્ડસઈન્ડ બેંક, રિલાયન્સ ઈન્ડસ્ટ્રી, એનટીપીસી, ટાટા સ્ટીલ, એચડીએફસી, આઈસીઆઈસીઆઈ બેંક્ર, એચસીએલ ટેક, એચડીએફસી બેંક્ર, ઈન્ફોસીસ, એક્સીસ બેંક્ર, સન ફાર્મા, ટેક મહિન્દ્રા, આઈટીસી, મારુતિ અને પાવર ગ્રિડના શેર લીલા નિશાન સાથે બંધ થયા.

બીજી બાજુ મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, બજાજ ઓટો, બજાજ ફાયનાન્સ, બજાજ ફિનસર્વ, એશિયન પેઈન્ટ્સ, લાર્સન એન્ડ ટૂબ્રો, ભારતી એરટેલ અને એસબીઆઈના શેર લાલ નિશાન સાથે બંધ થયા હતા. જિયોજિત ફાયનાન્સિયલ સર્વિસિસના પ્રમુખ (રિસર્ચ) વિનોદ નાયરે કહ્યું કે સકારાત્મક આર્થિક આંકડા, વિદેશી રોકાણકારોની લેવાલી અને અમેરિકામાં જોબ ડેટા રિલિઝ કરતા પહેલાં વૈશ્વિક બજારોમાં મિશ્ર સંકેતોની વચ્ચે સ્થાનિક શેર બજારોમાં ગુરુવારે તેજી રહી. તેમમે કહ્યું કે અર્થવ્યવસ્થા સાથે સંકળાયેલા તાજેતરના આંકડા કેપિટલ ગુડ્સ અને ઉદ્યોગોને લીધે ઈન્વેસ્ટર રક્ષાત્મક વલણ અપનાવતા વધુ સુરક્ષિત સેકટર્સ તરફ શિફટ થઈ રહ્યા છે. તમામ પ્રમુખ સેકટર્સે માર્કેટના ટ્રેન્ડના હિસાબે પ્રદર્શન કર્યુ છે જ્યારે નબળા પ્રદર્શનને લીધે ઓટ સેકટરનો દેખાવ સારો નથી રહ્યો.

### ૩૪ ફરિયાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બેનરજીની સરકારે સુપ્રીમ કોર્ટમાં પિટિશન કરી છે અને હિંસાના મામલામાં કોલકાતા હાઈકોર્ટે આપેલા આદેશને પડકાર્યો છે. ઉલ્લેખનીય છે કે, હાઈકોર્ટે બંગાળ હિંસાની સીબીઆઈ તપાસ માટે આદેશ આપ્યા બાદ સીબીઆઈની ટીમો રાજ્યમાં એક્શનમાં આવી ચુકી છે. જેની સામે હવે રાજ્ય સરકાર સુપ્રીમ કોર્ટમાં ગઈ છે. હાઈકોર્ટે સીબીઆઈ અને સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમને બંગાળમાં થયેલી હિંસાની તપાસ કરીને ૬ અઠવાડિયામાં રિપોર્ટ સુપરત કરવા માટે આદેશ આપેલો છે.